## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત







# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

**પ્રશ્નપત્ર ક્રમાંક-૫ (કુલ માર્ક્સ-૫૦)**

અભ્યાસ ક્રમ – બૃહદ્-દ્રવ્યસંગ્રહ : ગાથા ૨૮ થી ૩૩

---

પરીક્ષાર્થીનું નામ : ............................................................... ઉંમર : ......................

મંડળનું નામ : ................................................ ગામનું નામ : ......................

ફોન નં.: ..................................................... તા. ૧-૦૮-૨૦૧૬

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ અઢાર પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન) ૧૮**

(૧) તત્ત્વ સાત છે તો પદાર્થો નવ શા માટે છે તે નવ ક્યા ક્યા છે ?

(૨) સાત તત્ત્વો અને નવ પદાર્થો જાણવાથી શું પ્રયોજન સધાય છે ?

(૩) બહિરાત્મા મુખ્યપણે શાનો કર્તા છે ?

(૪) અંતરાત્મા અર્થાત્ સમ્યદૃષ્ટિ મુખ્યપણે શાનો કર્તા છે ?

(૫) બહિરાત્મા અને અંતરાત્મા ગૌણપણે શાના કર્તા પણ છે ?

(૬) મિથ્યાદૃષ્ટિ જીવને પુદ્ગલ દ્રવ્યના પર્યાયસ્મ આસ્રવ, બંધ, પુણ્ય-પાપનું કર્તાપણું ક્યા નયથી છે ?

(૭) સમ્યગ્દૃષ્ટિ જીવને સંવર, નિર્જરા અને મોક્ષનું કર્તાપણું ક્યા નયથી છે ?

(૮) બહિરાત્મા અને અંતરાત્મા જીવોના પરિણામરૂપ આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ ભાવોનું કર્તાપણું ક્યા નયથી છે ?

(૯) વિવક્ષિત એકદેશ શુદ્ધ નિશ્ચયજીવને આગમભાષામાં શું કહે છે ? અને અધ્યાત્મભાષામાં શું કહે છે ?

(૧૦) જીવ-અજીવના પ્રયોજનભૂત વિશેષો ક્યા છે ? દ્રવ્યાસ્રવ શું છે ?

(૧૧) આસ્રવ કોને કહે છે ? ભાવાસ્રવ એટલે શું ?

(૧૨) બંધ કોને કહે છે ?

(૧૩) સંવર કોને કહે છે ?

(૧૪) મોક્ષ કોને કહે છે ?

(૧૫) વિશેષનો અર્થ શું છે ? સમજાવો.

(૧૬) ભાવાસ્રવનો દૃષ્ટાંત શાસ્ત્રોમાં શું આપ્યો છે ?

(૧૭) જે પરિણામથી કર્મનો આશ્રવ થાય તેમાં દ્રવ્યાસ્રવની વાત આવી ગઈ તો પછી કર્માસ્રવની વાત શા માટે કરી ?

(૧૮) આઠ પ્રકારના કર્મોના સ્વભાવને દૃષ્ટાંતપૂર્વક સમજાવો.

(૧૯) ગાથા—૩૩નું તાત્પર્ય શું છે ?

(૨૦) સ્થિતિબંધ કોને કહે છે ?

**પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ સાત પ્રશ્નોના જવાબ વિસ્તારથી આપો (પાંચથી છ લાઈન) ૨૧**

(૧) જો એકાંતે જીવ-અજીવ પરિણામી હોય તો સંયોગ પર્યાયરૂપ એક જ પદાર્થ સિદ્ધ થાય અને જો એકાંતે અપરિણામી હોય તે બે જ પદાર્થો સિદ્ધ થાય તેથી આસ્રવ વગેરે સાત પદાર્થો કઈ રીતે સિદ્ધ થાય ?

(૨) નિશ્ચય રત્નત્રયનું સાધક વ્યવહાર રત્નત્રય છે તે કઈ રીતે ? તે બંને રત્નત્રયના ધારક કોણ છે ?

(૩) ધ્યાન તે ભાવનારૂપ છે પણ આશ્રય કરવાયોગ્ય નથી શા માટે ? તે સમજાવો.

(૪) જીવને કર્મોનો આસ્રવ શાનાથી થાય છે ? તે પરિણામને શું કહેવાય છે ?

(૫) અનુભાગ બંધને દૃષ્ટાંતપૂર્વક સમજાવો.

(૬) આસ્રવ અને બંધના કારણો તો આપે સમાન બતાવ્યા તો તે બંનેમાં તફાવત શું છે ?

(૭) ગાથા-૩૦નો મતાર્થ વિસ્તારથી સમજાવો

(૮) ભાવબંધની પરિભાષા સમજાવો.

**પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો (વીસ લાઈન)** **૧૧**

(૧) ભાવાસ્રવના ભેદ કેટલા છે શા માટે ઉત્પન્ન થાય છે ?

(૨) ભાવ આસ્રવોની વ્યાખ્યા ટૂંકમાં જણાવો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૧૫-૯-૨૦૧૬ સુધીમાં સોનગઢ પહોંચાડવા વિનંતી